

14 માર્ચ

## ટ્રમ્પ-ઝેલેન્સ્કી વચ્ચે બોલાચાલી



28 ફેબ્રુઆરી ડોનાલ્ડ ટ્રમ્પ અને વ્લાદિમીર ઝેલેન્સ્કી વચ્ચે વ્હાઇટ હાઉસ ખાતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ટ્રમ્પે ઝેલેન્સ્કી પર શાંતિ માટે તૈયાર ન હોવાનો અને લાખો લોકોના જીવનને જોખમમાં મૂકવાનો આરોપ લગાવ્યો હતો. ઝેલેન્સ્કીએ વળતો પ્રહાર કરતા ટ્રમ્પ પર ઓવલ ઓફિસમાં તેમનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો હતો. બેઠક દરમિયાન, ટ્રમ્પે ઝેલેન્સ્કીને કહ્યું "કાં તો સોદો કરો, નહીં તો અમે બહાર છીએ". ટ્રમ્પે એમ પણ કહ્યું કે, "તમે મોટી મુશ્કેલીમાં છો કારણ કે તમે આ યુદ્ધ જીતી રહ્યા નથી"

29 મે

## ટ્રમ્પ-મસ્કની મિત્રતા તૂટી



ઈલોન મસ્કની મદદથી ચૂંટણી જીતેલા ટ્રમ્પની શપથવિધિમાં મસ્કે હાજરી આપી હતી અને ટૂંક સમયમાં જ તેમને નવી બનાવેલી સંસ્થા, ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE)નું નેતૃત્વ સોંપવામાં આવ્યું હતું - આ સંસ્થા સરકારી ખર્ચ ઘટાડવા માટે હતી. પણ પછી 4 જ મહિનામાં વિખવાદો થયા. ઈલોન મસ્કે ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે તેમના વિરામની જાહેરાત કરી. મસ્કે ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રથી પોતાને દૂર કરી દીધા. રાજીનામું આપી દીધું અને આ વિભાગ પણ બંધ કરી દેવાયો.

## ઇઝરાયેલ-ઈરાન યુદ્ધ



13 જૂન

ઇઝરાયેલે ઓપરેશન રાઇઝિંગ લાયન હેઠળ ઈરાનમાં વિનાશ વેર્યો. ઈઝરાયેલના હુમલામાં ઈરાનને ભારે નુકસાન થયું. ઇઝરાયેલે ઈરાનના પરમાણુ સ્થાનોથી લઈને સંખ્યાબંધ ટોચના લશ્કરી કમાન્ડરોને પણ મારી નાખ્યા. ઓપરેશન રાઇઝિંગ લાયન હેઠળ, ઈરાનની પરમાણુ અને લશ્કરી સુવિધાઓ પર એટલા બળથી હુમલો કરવામાં આવ્યો હતો કે તે તાત્કાલિક જવાબ આપવાની સ્થિતિમાં ન હતું. ઈરાને પણ વળતો જવાબ આપ્યો હતો. ઇઝરાયલના હાફિયા શહેરમાં સ્થિત એક ઓઇલ પ્લાન્ટ પર હુમલો કરવામાં આવ્યો હતો. ઈરાને ઇઝરાયલની 30થી વધુ જગ્યાઓ પર હુમલો કર્યો હતો. જવાબમાં ઇઝરાયેલે ઈરાનના અરાક હેવી વોટર રિએક્ટર પર હુમલો કર્યો. ઈરાને મિસાઈલો પણ ચલાવી છે, જેનાથી ઇઝરાયલની દક્ષિણમાં આવેલી મુખ્ય હોસ્પિટલને નુકસાન થયું.

## અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં સંઘર્ષ



આ વર્ષે ઓક્ટોબર મહિનામાં અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે પણ સંઘર્ષ જોવા મળ્યો હતો. પાકિસ્તાને કાબુલમાં તહરીક-એ-તાલિબાન પાકિસ્તાનના નેતા નૂર વલી મહસૂદને નિશાન બનાવીને હવાઈ હુમલા કર્યા હતા. આ હુમલો ખૈબર પખ્તુનખ્વામાં પાકિસ્તાની સૈનિકો પર ટી. ટી. પી. ના હુમલા પછી થયો હતો. અફઘાનિસ્તાન આ હુમલાથી રોષે ભરાયું હતું અને જવાબી કાર્યવાહી કરી હતી, જેમાં 20થી વધુ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હતા.

## થાઇલેન્ડ-કંબોડિયા વચ્ચે અથડામણો

24 જુલાઈ



થાઇલેન્ડ અને કંબોડિયા સામ-સામે આવી ગયા. બંને હથિયારો સાથે અથડાતા જોવા મળ્યા હતા. આ અથડામણ એક મંદિર સંકુલને લઈને થઈ હતી. જેમાં 38 લોકોના મોત થયા હતા. અંદાજે 3 મિલિયન લોકો બેઘર થઈ ગયા હતા. જેમ જેમ તણાવ વધ્યો, બંને દેશોએ 28 જુલાઈના રોજ મલેશિયાની મધ્યસ્થી અને યુએસ-ચીનની રાજદ્વારી મદદ સાથે યુદ્ધવિરામ કર્યો.

1 સપ્ટેમ્બર



## મોદી-પુતિન અને જિનપિંગની મુલાકાત

વિશ્વભરમાં એક ફોટોની ચર્ચા થઈ હતી. જ્યારે વિશ્વની ત્રણ મહાન શક્તિઓએ એસસીઓના મંચ પર એકસાથે પોઝ આપ્યો, ત્યારે તેનાથી અમેરિકાને મરચું લાગ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત કરી.

11 સપ્ટેમ્બર



## ચાર્લી કિર્કની હત્યા

યુનાઇટેડ સ્ટેટ્સમાં ઉટાહ વેલી યુનિવર્સિટી ખાતે કોલેજ ફેસ્ટ દરમિયાન ટ્રમ્પના ચુસ્ત ટેકેદાર ચાર્લી કિર્કની ગોળી મારીને હત્યા થઈ. ચાર્લી પ્રમુખ ટ્રમ્પની ખૂબ નજીક હોવાનું જાણીતું છે. ચાર્લી 18 વર્ષનો હતો જ્યારે તેણે ટર્નિંગ પોઇન્ટ યુ. એસ. ની સ્થાપના કરી હતી. તે એક પ્રકારનું જૂથ બની ગયું હતું, જેણે એક દાયકામાં ઘણી વખત પોતાનો અવાજ ઉઠાવ્યો હતો.

## દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ યૂન સૂક યેઓલની ધરપકડ

દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ યૂન સૂક યેઓલની તેમના મહાભિયોગ બાદ ધરપકડ કરવામાં આવી હતી. દેશના ઈતિહાસમાં પ્રથમ વખત એવું બન્યું છે કે કોઈ વર્તમાન રાષ્ટ્રપતિની ધરપકડ કરવામાં આવી હોય.



15 જાન્યુઆરી

## અમેરિકામાં સૌથી લાંબું શટડાઉન

13 સપ્ટેમ્બર




યુ. એસ. માં ચાલી રહેલું સૌથી લાંબુ શટડાઉન સમાપ્ત થયું. અમેરિકાના ઇતિહાસમાં સૌથી લાંબા શટડાઉનને સમાપ્ત કરવા માટે સેનેટ સમર્થિત બિલને ગૃહ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી, ત્યારબાદ તેને હસ્તાક્ષર માટે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મોકલવામાં આવ્યું હતું. ટ્રમ્પે આ બિલ પર હસ્તાક્ષર કર્યા હતા.

## ન્યુ યોર્ક સિટી મેયરની ચૂંટણી



વિશ્વના સૌથી મોટા શહેરમાં આ વર્ષે સૌથી વધુ ચર્ચિત ચૂંટણીઓમાંથી એક જોવા મળી હતી કારણ કે તેણે ઝોહરાન મમદાની તરીકે તેના પ્રથમ મુસ્લિમ મેયરની પસંદગી કરી હતી. 34 વર્ષીય ડેમોક્રેટિક સમાજવાદી અને ક્વીન્સ એસેમ્બલીમેન, મમદાનીએ ન્યૂયોર્કના ભૂતપૂર્વ ગવર્નર એન્ડ્રુ કુઓમોને હરાવીને યુ.એસ.ના સૌથી મોટા શહેરનું નેતૃત્વ કરનાર સદીના સૌથી યુવાન વ્યક્તિ બન્યા હતા. તેઓ ટ્રમ્પના કટ્ટર વિરોધી છે.

## કેનેડામાં સત્તાપરિવર્તન




ભૂતપૂર્વ વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ પોતાના જ પક્ષના વધતા દબાણ વચ્ચે રાજીનામું આપ્યા બાદ આ વર્ષે 28 એપ્રિલે કેનેડામાં ત્વરિત ચૂંટણી યોજાઈ હતી. આ વર્ષની ચૂંટણીમાં બે મુખ્ય સ્પર્ધકો લિબરલ પાર્ટીના સભ્ય કાર્ની અને કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા અને કેનેડાના રાજકારણમાં પરિચિત વ્યક્તિ પિયરે પોઇલીવરે હતા. કાર્નીએ જનમત સર્વેક્ષણને હરાવ્યું અને વિજેતા બન્યા.